જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.03/૧૧/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૪૬/૧૮

## અગાઉની ઘરફોડ ચોરીના ૭ ગુનાઓમા નાસતો ફરતો એક ઇસમ સહીત મોહનીયા ગેંગ ના ત્રણ ઇસમો ને ચોરી કરવાના સાધનો તથા રોકડા રૂપિયા ૧૮,૪૦૦/- સાથે ઝડપી પાડી અમદાવાદ શહેર અને ગ્રામ્ય તથા સુરેન્દ્રનગર અને ગાંધીનગર જીલ્લાઓ ની સ્કુલોમાં કરેલ ૧૨ થી વધુ ઘરફોડ ચોરીઓ શોધી કાઢતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ ના ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ભગિરથસિંહ ગોહિલ નાઓએ દિવાળી ના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેર વિસ્તારમાં ઘરફોડ ચોરીઓ તથા વાહનચોરીના ગુન્હાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના એન્ટી ઓર્ગેનાઝેશન સ્કોડ ના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી આઇ.એસ.રબારી તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્ટાફનાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે આરોપીઓ ૧) હિમસિંગ ઉર્ફે કટલો ઉર્ફે હકલો સ/ઓ પરશુભાઇ જાતેઃ- મોહનીયા ઉ.વ.૧૮ તથા નરેશ પરશુભાઇ મોહનીયા ઉવ.૨૨ બંન્ને રહેઃ- ગામ.:-ઉંડાર માળ ફળીયુ તા. ધાનપુર જી, દાહોદ તથા નં.(૩) લાલજી S/O ધનીયાભાઇ જાતે બીલવાડ ઉ.વ.૪૨ રહેઃ- ગામ. ચિલાકોટા, ઘેળ ફળીયુ તા.લીમખેડા જી, દાહોદ નાઓને તા.૦૨/૧૧/૨૦૧૮ ના કલાક ૧૪/૧૫ વાગે પકડી અટક કરેલ છે જેઓ પાસેથી વિવો કંપનીનો મો.ફોન કિં.રૂ.૬,૦૦૦/- તથા જીયો કંપનીનો મો.ફોન કિં.રૂ.૫૦૦/- તથા ત્રણેય ની અંગઝડતી માંથી મળેલ કુલ્લે નાંણા રૂ. ૧૮,૪૦૦/- તથા પરચુરણ સિક્કાઓ કિં.રૂ.૧૨૮૫/- તથા ઓઝારો કુલ્લે કિં.રૂ.૧,૦૦૦/- મળી તમામની કુલ્લે કિં.રૂ.૨૭,૧૮૫/- નો મુદ્દામાલ કબ્જે લીધેલ છે

ઉપરોકત આરોપીઓની પુછપરછ કરતાં ત્રણેય આરોપીઓ અગાઉ ઘરફોડ ચોરીના કેસોમાં પકડાયેલ છે. અને જામીન ઉપર છુટયા બાદ પોતાની ટોળકીઓ બનાવી અમદાવાદ શહેર તથા તેની આજુબાજુના શહેરોમાં આવેલ હાઇટેક સ્કુલોમાંથી ચોરીઓ કરતા હતા અને પોતાના અન્ય સાગરીતો સાથે મળી જે સ્કુલની આજુબાજુમા રહેણાંક વિસ્તાર ન હોય અથવા ઓછી અવર જવર હોય તેવી સ્કુલોની રેકી કરી રાત્રિના સમયે ભાડાના વાહનમા બેસી ચોરી કરવા જતા અને ચોરી કરવા સમયે પકડાય ન જવાય તે માટે શર્ટ કાઢીને કમરે બાંધી દેતા તેમજ મોઢે રૂમાલ બાંધી ને છીણી, ખાતરીયા, હથોડી વિગેરે સાધનો ની મદદથી દરવાજાનો નકુચો અથવા તાળુ તોડી નાખતા હતા અને સ્કુલની ઓફિસોમા મુકેલ રોકડા રૂપિયા ની ચોરીઓ કરેલ છે આ રીતે છેલ્લા પાંચેક મહિનામાં નાની મોટી કુલ્લે ૧૨ થી વધુ ચોરીઓ કરેલ છે તેમજ પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.(૧) હિમસિંગ ઉર્ફે કટલો ઉર્ફે

હકલો પરસુભાઇ મોહનીયા નાનો બોપલ પોલીસ સ્ટેશન માં ૧ તથા સોલા પોલીસ સ્ટેશનમાં ૫ ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં તથા દાહોદ જેસાવાડા પોલીસ સ્ટેશન માં બળજબરીથી બાઇક લઇ જવાના કેસ મળી કુલ્લે ૭ ગુનાઓમાં નાસતો ફરતો હોવાનુ જણાય આવેલ છે અને હાલમા તેઓ પાસેથી મળી આવેલ રોકડ રકમ સરખેજ મકરબા પાસે આવેલ અદાણી સ્કુલમાં એકાદ અઠવાડિયા પહેલા ચોરી કરેલ તે પૈકી ના હોવાનુ જણાવેલ તેમજ નીચે મુજબની ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

ઉપરોકત આરોપીઓએ છેલ્લા પાંચેક મહિનામાં અમદાવાદ શહેરમાં સરખેજ પાસે આવેલ અદાણી સ્કુલ, નાનાચિલોડા પાસે નાલંદા વિધાલય, કરાઇ ગામ પાસે આવેલ બ્રાઇટ સ્કુલ તથા ડભોડા લીંબડીયા ગામ પાસે આવેલ પિનાકલ સ્કુલ તથા લાંભા ગામમા આવેલ આદર્શ વિધાલય તથા ગોતા પાસે આવેલ સેન્ટમેરી સ્કુલ તથા અમદાવાદ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી માથી તથા ગોધાવી પાસે આવેલ ઝાયડસ સ્કુલ તથા સુરેન્દ્રનગર વઢવાણ પાસે સી.યુ.શાહ કોલેજ માથી તથા લીંબડી રાજકોટ હાઇવે ઉપર આવેલ શ્રધ્ધા હાઇસ્કુલ, સ્વામિનારાયણ સ્કુલ તથા તક્ષસીલા વિધાલયમાં મળી કુલ્લે ૧૨ જેટલી ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે તે સિવાય અન્ય ચોરીઓ કરેલ છે કે કેમ તે બાબતે વધુ તપાસ પો.સબ.ઇન્સ. આઇ.એસ.રબારી નાઓ ચલાવી રહેલ છે અને અન્ય સાગરીતો ની તપાસ તજવીજ ચાલુ છે.

**<u>પકડાયેલ આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ:-</u>**

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.(૧) હિમસિંગ ઉર્ફે કટલો અને (૨) લાલજી બિલવાડ નાઓ અમદાવાદ શહેરમા ઘરફોડ ચોરીઓના **૨** જેટલા કેસોમા પકડાયેલ છે તથા આરોપી નં.(૨) નરેશ મોહનીયા અગાઉ સોલા પોલીસ સ્ટેશન તથા વટવા પોલીસ સ્ટેશન તથા બોપલ પોલીસ સ્ટેશન તથા સાણંદ પોલીસ સ્ટેશનો માં **<u>૨૦ જેટલા ઘરફોડ ચોરીના</u>** કેસોમા પકડાયેલ છે.

પકડાયેલ આરોપી નં.(૧) હિમસિંગ ઉર્ફે કટલો તથા (૨) નરેશ મોહનિયા ના પિતા પરસુભાઇ મોહનીયા તથા તેના કાકા ગબી મોહનીયા નાઓ અમદાવાદ શહેરમા ઘરફોડ ચોરીના અસંખ્ય ગુનાઓમા પકડાયેલ છે તેમજ હાલમા ખુન ના ગુનામા વડોદરા જેલ છે.



**દેશી તમંચા સાથે વધુ એક આરોપીને બનાસકાંઠા છાપી પાસે ના નાંદોતરા ગામ ખાતે થી ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ભગીરથસિંહ ગોહિલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુન્હાઓ અટકાવવા તથા હથિયારોના કેશો શોધી કાઢવા આપેલ સુચના આધારે ક્રાઇમ બ્રાન્ચનાં એન્ટી ઓર્ગેનાઇઝેશન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૧૮ ના રોજ બનાસ ડેરીના ડ્રાઇવર રફીકશા ઇબ્રાહીમશા સાંઇ તથા અવનીશકુમાર ઉર્ફે બલ્લુ ને ઝડપી લીધેલ અને તેઓએ ગ્રાહકોને હથિયારો વેચેલ જે પૈકી એક દેશી તમંચો નાંદોતરા ગામમા રહેતા હૈદર નાગોરીને આપેલ હોવાની કબુલાત કરેલ જેથી સદરી ઇસમની તપાસ દરમ્યાન આરોપી અઝરૂદીન ઉર્ફે હૈદર S/O અકબરખાન જાતે નાગોરી ઉવ.૨૮ રહે. ગામ નાંદોતરા, પરા વિસ્તાર તા.વડગામ જી.બનાસકાંઠા નાને તા.૦૧/૧૧/૨૦૧૮ ના રોજ પકડી અટક કરવામા આવેલ છે અને સદરી ઇસમ પાસેથી વધુ એક દેશી તમંચો કબ્જે લેવામા આવેલ છે.

પકડાયેલ આરોપીએ પુછપરછ દરમ્યાન પોતાના શોખ અને ખેતરોમા આવતા જાનવરો ને ડરાવવા સારુ દેશી તમંચો ખરીદ કરેલ હોવાનુ જણાવેલ જેથી સદરી ઇસમે મળી આવેલ હથિયાર થી અન્ય કોઇ ગુના આચરેલ છે કે કેમ તે દિશામા તપાસ તજવીજ હાથ ધરવામા આવેલ છે અને પકડાયેલ આરોપી અગાઉ કોઇ ગુનામા પકડાયેલ નથી

**એક વર્ષથી પેરોલ જમ્પ કરી નાસતા ફરતા એન.ડી.પી.એસ ના કેસના મહિલા આરોપી બહેનને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી નાઓના સુચન અને માર્ગદર્શન આધારે ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહીલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફ્નાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે મુસરતજહાં ડો/ઓ અલીહુસેન જાતે:- સૈયદ(પરમાર) ઉવ.૪૯ રહે. હાલ:- જાન બિલ્ડીંગની ચાલી. ખાલસા સ્કુલ સામે આઇ.ટી.આઇ. રોડ સરસપુર અમદાવાદ તથા મકદુમશા બાબાની દર્ગાહની પાછળ છાપરામાં, ઇ-વોર્ડ, જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેર નાને તા.૦૨/૧૧/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપી બહેનની પુછપરછ કરતા જણાવેલ કે પોતે અગાઉ સને ૨૦૧૪ મા કાશમીરના વેપારી અમીનભાઇ ને ત્યા પોતે ચરસ ની આપલે કરવાનુ કામ કરતી હતી તે દરમ્યાન માહે-ઓકટેમ્બર માસમાં પોતે દીલ્હીથી ત્રણ કિલ્લો ચરસ લઇ અમદાવાદમાં સપ્લાઇ કરવા માટે આવતી હતી તે દરમ્યાન નરોડા પાટીયા પાસે આવતા એન.સી.બી. ના માણસોએ પોતાને ત્રણ કીલો ચરસ સાથે પકડી લીધેલ ત્યારથી સાબરમતી સેન્ટ્રલ જેલમા કાચા કામના કેદી તરીકે જેલમાં હતા તે દરમ્યાન એક વર્ષ પહેલા પોતે નામદાર હાઇકોર્ટમાંથી દિન-૩ ના વચગાળાના જામીન ઉપર છુટેલ બાદ પરત જેલમા હાજર થયેલ નહીં અને આજદિન સુધી ફરાર હોવાનુ જણાવેલ જેથી સદરી આરોપી બહેનને ડીટેઇન કરવામાં આવેલ છે. અને સદરી આરોપી બહેનને અમદાવાદ શહેર સાબરમતી મધ્યસ્થ જેલમાં સોપવાની તજવીજ કરવામાં આવેલ છે.

**ભારતીય બનાવટનો વિદેશીદારૂની શિલબંધ કુલ્લે બોટલ નંગ-૧૪૨ કિં,રૂ.૭૧૦૦૦/- તથા અન્ય મુદ્દામાલ મળી કુલ્લે કિ.રૂ.૫,૮૦,૪૩૦/- ની મતાનો મુદામાલ પકડી પાડતી નારોલ પોલીસ**

**મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેરના શ્રીનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇંસ્પેકટર આર.એ.જાદવ તથા મ.સ.ઈ.મફતસિંહ ગફુરસિંહ તથા પો.કો.અરવિંદકુમાર કુલાભાઈ તથા પો.કો મહેશભાઈ મંગળભાઈ તથા વુ.લોકરક્ષક ચેતનાબેન દીનુસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે લાંભા ટી જંકશન ખાતે હાજર હતા દરમ્યાન પો.કો.મહેશભાઈ મંગળભાઈ નાઓની બાતમી હકીકત આધારે તા.૦૨/૧૧/૨૦૧૮ ના કલાક ૦૭/૪૫ વાગે હુન્ડાઇ આઈ-૧૦ ગાડીમાં PARTY SPECIAL DELUXE WHISKY FOR SALE IN ARUNACHAL PARDESH ONLY 750 ML LIC NO.12113681000284 નો લખેલ છે. જે એક વિદેશીદારૂ બોટલની કિ.રૂ.૫૦૦/- લેખે કુલ્લે મળી આવેલ ભારતીય બનાવટના વિદેશીદારૂની બોટલ નંગ.૧૪૨ ની કુલ્લે કિ.રૂ.૭૧૦૦૦/- ગણાય તે તથા વિદેશીદારૂ ભરી લાવેલ હુન્ડાઈ આઈ-૧૦ ગ્રાન્ડ ફોરવ્હીલ ગાડી જોતા જેની આગળ પાછળ ટી.સી.નં. GJ/1/TMP/ 2018/214133 નો લખેલ છે તથા એંન્જીન નં.G4LAJM034984 તથા ચેસીસ નં.MALA85CLJM913303 નો છે જે ગાડીની આશરે કિંરૂ.૫,૦૦,૦૦૦/- ગણી શકાય**

**તથા ગાડીની ચાવી – ૦૧ જેની કિ.રૂ.૦૦/૦૦ ની મતાનો મુદામાલ બે પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરી નહી મળી આવેલ આરોપીઓ. (૧) સાજીદખાન હબીબખાન પઠાણ (૨) કેતન ચંદુભાઈ ઝાલા (૩) મનીષ ભગવાનદાસ ચૌહાણ (૪) તારાબેન વા/ઓફ કેતનભાઈ ચંદુભાઈ ઝાલા (૫) મારુફા વા/ઓફ સાજીદખાન હબીબખાન પઠાણ નાઓની વિરૂધ્ધમાં પ્રોહી ગુ.ર.નં.૫૩૦૬/૧૮ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એઇ, ૧૧૬(બી),૯૮(૨), ૮૧ મુજબથી ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.**

## પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશીદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે નિતેષ સ/ઓ મંગળભાઇ ઉર્ફે મુન્નો છારા(જાડેજા) ઉ.વ.-૨૨,રહે- કાળીગામ છારાનગર સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશીદારૂના કેસ શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ-93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા કમાંક-પીસીબી/DTN/પાસા/૧૦૪૮/૨૦૧૮ તા:૦૧/૧૧/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને તા:૦૧/૧૧/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પો.કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધીની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં મિલ્કત સંબંધી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે મિલ્કત સંબંધી ગુનો આચરનાર નામે સંગીતાબેન વા/ઓ કાકુજી કેશાજી ઠાકોર ઉવ-૪૦ રહે:-ધનપુરા ઠાકોરવાસ માસાજીની દુકાનની પાછળ જોગણીમાતા મંદિરની બાજુમાં તા.જોટાણા જિ.મહેસાણા નાની વિરુધ્ધ ચોરીમાં પકડાયેલ હોય અને સદરી આરોપીબેન વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીબેનને પાસા અટકાયતમા લેવા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના હુકમ કમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૧૦૪૩/૨૦૧૮ તા:૦૧/૧૧/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીબેનને તા:૦૧/૧૧/૨૦૧૮ ના ક.૧૭/૪૫ વાગે પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## દાણીલીમડા પોલીસ સ્ટેશન તથા દક્ષિણ ઝોન - અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્રારા જાહેર ઉપરના દબાણો દુર કરવામાં આવ્યા.

મે.અધિક પોલીસ કમિશ્નર સેકટર - ૨ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ નાઓના સીધા સુપરવિઝન હેઠળ ઈન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સા.તથા પાંચ સિનિયર પોલીસ ઈન્સપેકટર સા.શ્રી તેમજ ૧૫૭ જેટલા પોલીસ સ્ટાફના માણસો તથા અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના દક્ષિણ ઝોનના એસ્ટેટ/ટીડીઓ ખાતાના દબાણ વિભાગના તમામ સ્ટાફ સાથે દબાણ વાન -૩,ડમ્પર -૫,ક્રેન-૨,જેસીબી મશીન-૨,તથા મજુરો-૨૦ ઉપયોગ વડે દક્ષિણ ઝોન હદ વિસ્તારમાં પીરકમાલ મસ્જિદથી કબાડી માર્કેટ-૩ સુધીના ટી.પી.રસ્તા ઉપરથી ટ્રાફીક પાર્કિંગને **અડચણ રુપ દુકાનો-૧૮,ફેબ્રીકિશન રોડ -૬૬,ઝુંપડા-૨૧,ઓટલા-૫૬,ક્રોસ વોલ-૧૯,લારી-૧,ગલ્લા-૨, બાથરુમ-૬,જાહેરાતના બોર્ડ-૨૯ પરચુરણ માલસામાન-૧૦૯ થી વધુ (ડેડ વ્હિકલના એન્જિન) સહિત આશરે ૨ કિ,મી,સુધીના** દબાણો દુર કરેલ છે,તેમજ **મેઘા ટ્રાફીક ડ્રાઈવ દરમ્યાન પીરકમાલ ચાર રસ્તાથી પરિક્ષિતલાલનગર, ભુલાભાઈ ચાર રસ્તા,તથા શાહઆલમ દરવાજાથી પરત પીરકમાલ ચાર રસ્તા સુધીના આશરે ૪ કિ.મી.ના જાહેર રોડ ઉપરના રસ્તાનુ ટ્રાફીક અડચણ દુર કરી ડ્રાઈવ દરમ્યાન વ્હિકલ ડીટેઈન - ૨૦,મેમા-૧૮૦,સ્થળ દંડ (મેમા) -૧૯,૮૫૦/** વસુલ કરવામાં આવેલ છે.

દબાણ દુર કરવાની સદર કામગીરીથી સદરહુ રસ્તાઓ ટ્રાફીકની સરળ અવર- જવર માટે ખુલ્લા થયેલ છે તથા પાર્કિંગની જગ્યામાં ખુલ્લી થવાથી પાર્કિંગની સુવિધાઓમાં વધારો થયેલ છે આગામી દિવસોમાં વધુ ટ્રાફીકવાળા રસ્તાઓ ઉપરથી ટ્રાફીકને નડતરરુપ દબાણો દુર કરવાની કામગીરી દબાણો દુર કરવાની કામગીરી ઝુંબેશ રુપે ચાલુ રાખવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.